સત્યમેવ જયતે

**પી. ભારતી,** આઈ.એ.એસ.
**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &**
**કમિશ્નર, પ્રાથમિક શિક્ષણ**

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

નં. એસએસએ/મકમ/૧૯/૭૩૬૨૮-૩૦૧
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેક્ટર-૧૭, ગાંધીનગર
તા.૧૨ .૧૨.૨૦૧૯
ફોન નંબર: (૦૭૯) ૨૩૨૪૦૧૭૭
ઈમેલ : spdssa@gmail.com


પ્રતિ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા. તમામ

જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, એસએસએ,
જિ. તમામ

એડી. જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
જિ. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષયઃ "ફીટ ઈન્ડીયા મુવમેન્ટ" કાર્યક્રમ અંતર્ગત તા.૧૬.૧૨.૨૦૧૯ થી તા.૨૧.૧૨.૨૦૧૯ દરમ્યાન ફીટ ઈન્ડીયા વીકની ઉજવણી બાબત.**

**સંદર્ભ :(૧)ભારત સરકારનો તા.૧૮.૧૧.૨૦૧૯ ના પત્ર ક્રમાંકઃ F. No. K-15017/7/2019/FIC**
**(૨)શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃ પરચ/૧૧૨૦૧૯/૪૪૩/વ.૨ તા.૧૪.૧૧.૨૦૧૯**
**(૩)કમિશ્નરશ્રી શાળાઓની કચેરીના પત્ર ક્રમાંકઃ માધ/પરચ/૨૦૧૯/૩૨૩૨૭-૬૦ તા.૧૫.૧૧.૨૦૧૯**
**(૪)નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણના પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૬૩/૨૯૧૯ તા.૨૫.૧૧.૨૦૧૯**

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ પત્ર (૨) અન્વયે શિક્ષણ વિભાગ ધ્વારા ભારત સરકારશ્રીની સુચના મુજબ ફીટ ઈન્ડીયા વીકની ઉજવણી કરવા જણાવવામાં આવેલ હતું તે અન્વયે સંદર્ભ (૩) અને (૪) અંતર્ગત નિયામકશ્રી શાળાઓની કચેરી તેમજ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ધ્વારા નવેમ્બર માસના ત્રીજા અઠવાડીયામાં ફીટ ઈન્ડીયા વીકની ઉજવણી કરવા જણાવવામાં આવેલ હતું.

ફીટ ઈન્ડીયા મુવમેન્ટ કાર્યક્રમ ભારત સરકારનો અગત્યનો કાર્યક્રમ હોય તેમની ઉજવણી વધુ સારી રીતે થઈ શકે તે માટે તા.૧૬.૧૨.૨૦૧૯ થી તા.૨૧.૧૨.૨૦૧૯ દરમ્યાન આ સાથેની વિગતે ફીટ ઈન્ડીયા વીકની પુનઃ ઉજવણી કરવા નકકી કરવામાં આવેલ છે. તેથી આ સાથે નીચે મુજબની પ્રવૃત્તિ કરવા દરેક શાળાને જાણ કરવા વિનંતી.

(૧) **"મેજીકલ" સોમવારઃ – સ્વદેશી/પરંપરાગત રમતનું આયોજન, સ્ટાફનું ફીઝિકલ ફિટનેશ એસેસમેન્ટ અને યોગ** પ્રોટોકલ (૩ મિનિટ)

(૨) **"ટેમ્પટીંગ" મંગળવારઃ – સક્રિય અને જીવનશૈલી હોવા વિશે માતાપિતા સાથે શિક્ષકની બેઠક, બધા સાથે ૩૦** મિનિટનું ફીટનેશ સત્ર અને યોગ પ્રોટોકોલ (૪ મિનિટ)

(૩) **"વિનર્સ" બુધવાર : – સ્ટાફ અને વિદ્યાર્થીઓ વચ્ચે પરંપરાગત રમતો અને યોગા પ્રોટોકોલ (૫ મિનિટ)**

(૪) **"ટીમ વર્ક" ગરૂવાર : – વિદ્યાર્થીઓ માટે કોઈપણ ટીમ રમતો અને યોગ પ્રોટોકોલ (૬ મિનિટ)**




Scanned by CamScanner

(૫) "ફીટનેશ કવીઝ" શુક્રવાર : – બધા માટે ફીટનેશ/રમત ગમત/ખેલો ઈન્ડીયા કવીઝ અને યોગ પ્રોટોકોલ (૭ મિનિટ)

(૬) "સ્પોર્ટીઅર" શનિવાર : – વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતાપિતા માટે મનોરંજક પ્રવૃત્તિઓ, આકારણી અહેવાલ કાર્ડની સોંપણી અને યોગ પ્રોટોકોલ (૮ મિનિટ)

આ પ્રવૃત્તિઓનું આયોજન સારી રીતે થાય તે માટે આપના જિલ્લાના ઈ.આઈ., એડી.ઈ.આઈ., તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, કેળવણી નિરીક્ષક/બીટ નિરીક્ષક, બીઆરસી કો–ઓર્ડિનેટર અને સીઆરસી કો–ઓર્ડિનેટર મારફત મોનીટરીંગ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા વિનંતી. આ વીકની ઉજવણી શાળા અહેવાલ, ફોટોગ્રાફ બીઆરસી ભવન ખાતે એમ.આઈ.એસ. કો–ઓર્ડિનેટર ધ્વારા મેળવી જિલ્લાકક્ષાએ એમ.આઈ.એસ. કો–ઓર્ડિનેટરને મોકલી આપવાનો રહેશે.

આ અંગે શાળાઓને માર્ગદર્શન માટે તારીખ ૧૪.૧૨.૨૦૧૯ શનિવારના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાકે બાયસેગ ખાતેથી પ્રસારણ થનાર છે. જે કાર્યક્રમ તમામ શાળાના આચાર્યશ્રી ધ્વારા નિહાળવામાં આવે તેવી સૂચના આપવા વિનંતી.

ક્રમાંક/ ૫૬૬૪૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.
તારીખ : ૧૨/૧૨/૨૦૧૯

– નકલ રવાના જાણ તથા અમલ સારું.

N.V.Vadher
જિલ્લા શિક્ષણાધિકારી,વતી
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ, મા. અને
ઉ.મા. શાળાઓ તમામ.

Scanned by CamScanner